પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૨ | ૩ ફેબ્રુઆરી, ૨૦૧૯, રવિવાર; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અમેરિકામાં ઠંડીનું રૌદ્ર રૂપ : પારો માઈનસ ૪૦

## ચારેય બાજુ બરફ : બરફના ચક્રવાતના કારણે અમેરિકાના અનેક ભાગો ઠંડાગાર : શિકાગો, ન્યૂયોર્ક અને અન્ય તમામ જગ્યાઓ ઉપર ઈમરજન્સી જાહેર કરાઈ હડસન નદી સંપૂર્ણ બરફમાં ફેરવાઈ : ટ્રેક પર બરફ : સ્કુલ, કોલેજોમાં રજા





વોશિંગ્ટન, તા. ૨

અમેરિકાના કેટલાક હિસ્સામાં હાલના સમયમાં અભૂતપૂર્વ ઠંડી પડી રહી છે. અનેક જગ્યાઓ પર માઈનસ ૪૦ ડિગ્રી તાપમાન પહોંચી ગયું છે. ઠંડીની અસર એટલી હદ સુધી થઈ છે કે નદીઓ, તળાવોમાં બરફ જામી ગયો છે. આ તમામ વિસ્તારો બરફમાં ફેરવાઈ ગયા છે. હિમવર્ષા અને તોફાની વરસાદના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઉત્તરીય ધ્રુવની તરફ ચાલી રહેલા બર્ફિલા ચક્રવાતના કારણે અમેરિકામાં મોટો હિસ્સો બરફમાં ફેરવાઈ જતા લોકો પરેશાન થયેલા છે. દેશના મધ્ય-પશ્ચિમ બરફની ચાદર છવાઈ ગઈ છે. આને પોલાર વોર્ટેક્સ કહેવામાં આવે છે.

એમ માનવામાં આવે છે કે આના કારણે અમેરિકાના કેટલાક હિસ્સાઓમાં દુનિયાના વિસ્તારોમાં પડી રહેલી ઠંડી કરતા સૌથી વધારે ઠંડી પડી રહી છે. ઘરમાં પાઈપ લાઈનમાં પાણી બરફ થઈ ગયા છે. વોશરૂમમાં પણ બરફની પરત જોવા મળે છે. એટલું જ નહીં ગરમ પાણી કરવાની સ્થિતિમાં સેકન્ડોમાં જ આ પાણી બરફમાં ફેરવાઈ જાય છે. સોશિયલ મીડિયા પર હવામાનની અભૂતપૂર્વ સ્થિતિના ફોટાઓ જારી કરવામાં આવી રહ્યા છે. ગરમ પાણીને ફેંકવાની સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર-હિમાચલમાં પુનઃ હિમવર્ષા

નવી દિલ્હી,તા. ૨

જમ્મુકાશ્મીર અને હિમાચલપ્રદેશના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા જારી રહી છે. જેથી આ બંને રાજ્યોમાં બરફની ચાદર વચ્ચે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયુ છે. ધુમ્મસ અને ઠંડીના કારણે ટ્રેન અને વિમાની સેવા પર પ્રતિકુળ અસર થઈ છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે. હાલમાં કેટલીક જગ્યાએ બરફના કારણે રસ્તાને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે ઉચાણવાળા વિસ્તારમાં હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે. જેથી ઠંડીમાં એકાએક વધારો થયો છે.

# સીબીઆઈના નવા ડિરેકટર તરીકે ઋષિકુમાર શુકલા



## હાઈપાવર્ડ કમિટીની બેઠકમાં ઋષિકુમાર શુકલાના નામને લીલી ઝંડી : શુકલાની અવધિ બે વર્ષની રહેશે

નવી દિલ્હી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હાઈપાવર્ડ પસંદગી સમિતિએ સીબીઆઈના ડિરેકટર તરીકે આઈપીએસ અધિકારી ઋષિકુમાર શુકલાની નિમણૂક કરી હતી. ઋષિકુમારની આજે નિમણૂક કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ૧૯૮૩ની બેચના ઓફિસર શુકલા મધ્યપ્રદેશના ભૂતપૂર્વ ડિરેકટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) છે. શુકલા બે વર્ષની નિશ્ચિત અવધિ માટે કામ કરશે. આ બે વર્ષના ગાળા દરમિયાન તેમની સામે અનેક પ્રકારના પડકાર રહેશે. સૌથી મોટો પડકાર તપાસ સંસ્થાની વિશ્વસનિયતા પુનઃ સ્થાપિત કરવાની રહેશે. શુકલા લીડરશપની કટોકટી મારફતે સીબીઆઈની ટીમ પસાર થઈ રહી છે ત્યારે મોટી જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### સ્મૃતિ મંધાના મહિલા ક્રિકેટમાં નંબર વન

ટીમ ઈન્ડિયાની ઓપનર સ્મૃતિ મંધાના આઈસીસીની મહિલા વનડે બેટીંગમાં નંબર વનના સ્થાને પહોંચી ગઈ છે. તે ૭૫૧ પોઈન્ટ સાથે પહેલા સ્થાને પહોંચી ગઈ છે. બીજા ક્રમે ઓસ્ટ્રેલીયન ક્રિકેટર એલીસ પેરી છે.

### બાંગ્લાદેશ સાથેની સીમાઓ સીલ કરાશે : રાજનાથસિંહ

કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે કેન્દ્ર સરકાર બાંગ્લાદેશ સાથે જોડાયેલી પ. બંગાળ અને અસામની આંતરરાષ્ટ્રીય સીમાઓને સીલ કરશે. જે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

# બંગાળમાં કામ કરવા માટે તૃણમૂલ ટેક્સ આપવો પડે છે : નરેન્દ્ર મોદી

## મમતાના ગઢ બંગાળમાં જ દીદી ઉપર મોદીના તેજાબી પ્રહારો : લોકલક્ષી યોજનાને મમતા સરકાર અમલી કરી રહી નથી : ભાજપના કાર્યકરો સાથે મારામારી કરવા પર દીદી ઉતર્યા છે : પશ્ચિમ બંગાળમાં પરિવર્તન થશે



કોલકત્તા, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ગઢમાં આક્રમક અંદાજમાં પ્રચાર કરીને ચુંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકી દીધું હતું. મોદીએ બંગાળના બિરદાપુર અને ઠાકોરનગરમાં રેલીઓ યોજીને મમતા બેનર્જી અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં કોઈપણ કામને કરવા માટે ત્રિપલ ટી એટલે કે તૃણમૂલ તોલાબાજી ટેક્સ આપવાની જરૂર હોય છે. મોદીએ પોતાના ભાષણમાં બજેટનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે આ બજેટ માત્ર ટ્રેલર તરીકે છે. અસલ ચિત્ર ચુંટણી બાદ રજુ કરવામાં આવશે. સામાન્ય બજેટમાં ચિત્ર વધુ સ્પષ્ટ કરીને વધુ રાહતો આપવામાં આવશે.

મોદીએ કહ્યું હતું કે ખેડુતોને લોન માફીના નામ ઉપર છેતરવાના પ્રયાસ કોંગ્રેસ અને તેમની પાર્ટીના લોકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. હાલમાં જો લોન માફી થઈ છે તેના

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હી-એનસીઆરમાં ફરી ધરતીકંપ

## નાગરિકોમાં દહેશત : ભુકંપની તીવ્રતા ૫.૭ રિકટર સ્કેલ નોંધાઈ પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાં આંચકાનો થયેલો અનુભવ

નવી દિલ્હી,તા. ૨

દિલ્હી અને એનસીઆરમાં આજે સાંજે ભૂકંપના આંચકાના કારણે લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. લોકો પોતાના ઘરમાં અને બીજા સ્થળો ઉપર હતા ત્યારે આંચકાનો અનુભવ થયો હતો. દુનિયાભરમાં ભૂકંપની માહિતી રાખનાર સ્વતંત્ર સંસ્થાના કહેવા મુજબ ભૂકંપની તીવ્રતા ૫.૭ આંકવામાં આવી હતી. દિલ્હી ઉપરાંત આસપાસના તમામ વિસ્તારો, શ્રીનગર, ઈસ્લામાબાદ, પેશાવરમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. પાકિસ્તાનમાં ૬.૧ની તીવ્રતા અનુભવાઈ હતી. રાષ્ટ્રીય પાટનગર સહિત ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં આની તીવ્રતા ૫.૭ આંકવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યા મુજબ ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાનમાં હતું અને ૫.૩૪ વાગે તેનો અનુભવ થયો હતો. જાનમાલના કોઈ નુકસાન થયા નથી. અફઘાનિસ્તાનના હિંદુકુશ ક્ષેત્રમાં પણ કેન્દ્ર હોવાનું કેટલાક લોકોએ કહ્યું છે. પાકિસ્તાનની સાથે પૂર્વીય ઉઝબેકિસ્તાનમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. જમ્મુ-કાશ્મીરના પુંચમાં પણ લોકોએ આંચકો અનુભવ્યો હતો. ભૂકંપના આંચકા બાદ લોકો પોત પોતાના ઘરથી બહાર દોડી આવ્યા હતા. લોકોએ સોશિયલ મીડિયા પર ભૂકંપથી સુરક્ષિત રહેવા માટે સૂચન કરતા પણ નજરે પડ્યા હતા. ભારતમાં હાલના વર્ષોમાં અનેક વખત તીવ્ર આંચકા અનુભવાઈ ચુક્યા છે.

## દિલ્હીમાં નાયડુ-કેજરીવાલની મુલાકાતથી રાજકારણ ગરમાયુ



ન્યુ દિલ્હી,તા. ૨

તેલુગુ દેશમ પાર્ટીનાં પ્રમુખ એન. ચન્દ્રાબાબુ નાયડુ શુક્રવારે રાત્રે આમ આદમી પાર્ટીનાં નેતા અને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળ્યા હતા. તેમની આ મુલાકાત મહત્વની ગણાઈ રહી છે. કેમ કે, એપ્રિલ-મે મહિનામાં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે અને તમામ પક્ષો પ્રચારમાં લાગી ગયા છે. મોદી વિરોધી પક્ષો ભેગા મળી મહાગઠબંધન કરી રહ્યા છે અને કોઈ પણ ભોગે મોદી બીજી વખત વડાપ્રદાન ન બને તે માટે પ્રયાસ કરી રહ્યા છે.

કેજરીવાલ અને નાયડુની મિટીંગ દરમિયાન આમ આદમી પાર્ટીનાં રાજ્યસભાનાં સાસંદ સંજય સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. નાયડુ સાથેની મુલાકાત પછા કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે, નાયડુ સાથેની મુલાકાત સફળ રહી છે અને બધા ભેગા મળીને મોદી સામે લડશે. આ પહેલા, શુક્રવારે સવારે નાયડુ કોંગ્રેસનાં પ્રમુખ રાહુલ ગાંધી સહિત અન્ય વિરોધ પક્ષનાં નેતાઓને મળ્યા હતા. તેમનો એ પ્રયાસ છે કે, લોકસભાની ચૂંટણી પહેલા તમામ વિરોધ પક્ષો ભેગા થાય અને મોદીને માત કરે.

# રોબર્ટ વાડ્રાની ધરપકડ પર કોર્ટની ૧૬ ફેબ્રુ. સુધી મનાઈ

## મની લોન્ડરિંગ કેસમાં વાડ્રાએ પટિયાલા હાઉસ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી

ન્યુ દિલ્હી,તા. ૨

કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધીના પતિ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડ્રાની ધરપકડ પર કોર્ટે ૧૬ ફેબ્રુઆરી સુધી રોક લગાવી છે.

તેની સાથે સાથે રોબર્ટ વાડ્રાના વકીલ કે ટી એસ તુલસીએ કોર્ટને આશ્વાસન આપ્યુ હતુ કે મારા અસીલ ઈડીની જે તપાસ ચાલી રહી છે તેમાં સહયોગ કરશે.વાડ્રા ઈડી સમક્ષ ૬ ફેબ્રુઆરીએ પૂછપરછ માટે હાજર થશે. કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાએ મની લોન્ડરિંગના મામલામાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી છે હતી. આ મામલો વાડ્રાના નિકટના સુનીલ અરોડા સાથે જોડાયેલો છે.જેમાં વાડ્રાને પણ પોતાની ધરપકડ થાય તેવુ લાગતુ હોવાથી આગોતરા જામીન અરજી મુકીને બચવાનો પ્રયાસ કર્યો છે.

સુનિલ સામે અગાઉ ઈડી દ્વારા કેસ દાખલ કરાયો છે.જેમાં તેને કોર્ટ દ્વારા ૧૬ ફેબ્રુઆરી સુધી ધરપકડ સામે રાહત મળી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225



RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence

WINTER SPECIAL
HALDI SABJI
&
SARSON KA SAAG

LIVE KITCHEN







Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occession...

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

For Banquet Inquiry : 89801 08444